# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

| |
|---|
| સ્નાતક, અનુસ્નાતક અને પોલિટેકનિક કક્ષાના અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણની પુનઃ ચકાસણી કરવા બાબત |

વંચાણે લીધોઃ તા. ૨૭/૦૬/૨૦૨૪ના રોજ વિદ્યાપરિષદની ૬૨મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં. ૬૨.૧૬

**-: જાહેરનામું :-**

આથી સબંધકર્તા સર્વેને જાણ માટે જાહેર કરવામાં આવે છે કે, આણંદ કૃષિ યુનિવર્સિટીની તા. ૨૭/૦૬/૨૦૨૪ના રોજ વિદ્યાપરિષદની ૬૨મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં. ૬૨.૧૬થી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

"આથી ઠરાવવામાં આવે છે કે, રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીના કોમન એકેડમીક રેગ્યુલેશન (સ્નાતક, અનુસ્નાતક અને પોલિટેકનિક)માં વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણની પુનઃ ચકાસણી કરવા બાબતનો ઉલ્લેખ કરેલ છે. પરંતુ સદર નિયમમાં તેની કોઈ કાર્યપધ્ધતિ દર્શાવેલ નથી. જેથી સ્નાતક, અનુસ્નાતક અને પોલિટેકનિક કક્ષાના અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓની પુનઃ ગુણ ચકાસણીની અરજી આવે ત્યારે મદદનીશ કુલસચિવ (એકેડેમીક), જે તે કોલેજના સંલગ્ન એકડેમીક ઇન્ચાર્જ અને કુલસચિવશ્રી દ્વારા નામાંકિત એક શિક્ષકની કમિટી બનાવી સદર કાર્યવાહી કરવા વિદ્યાપરિષદ દ્વારા મંજૂરી આપવામાં આવે છે."

કુલસચિવ

જા.નં.આકૃયુ/રજી/પરીક્ષા/યુ.જી.-૨/૨૨૯૧-૨૩૦૧/૨૦૨૪
તા.૦૫/૦૭/૨૦૨૪

<u>નકલ સવિનય રવાના પ્રતિ :</u>

(૧) વિદ્યાપરિષદના સર્વે સભ્યશ્રીઓ તરફ જાણ સારૂં.
(૨) યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂં.
(૩) તમામ ડીન/આચાર્યશ્રીઓ તરફ જાણ સારૂં.
(૪) સહ પ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિભવન, પોડીયમ લેવલ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર તરફ જાણ સારૂં.
(૫) કુલસચિવશ્રી, કૃષિ યુનિવર્સિટી, નવસારી/ જુનાગઢ/ સરદારકૃષિનગર તરફ જાણ સારૂં.

<u>નકલ રવાના</u> :

(૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
(૨) કુલસચિવશ્રીના અંગત મદદનીશ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
(૩) આ વિભાગની એકેડેમીક (મીટીંગ) શાખા તરફ જાણ સારૂં. (૧૦ નકલ)
(૪) આ વિભાગની તમામ શાખાઓ તરફ